# સુવાર્તા નવા સ્થળો એ જાય છે

બાળકોને શરૂઆતના મિશનેરીઓની ઓળખ કરાવો.



આમાંની કોઈ શિક્ષણ પ્રવૃતિ **પસંદ કરો.**

પ્રે.૧૩:૧-૧૬ અને ૩૨-૫૨ ઉપરથી કોઈ મોટો બાળક અથવા શિક્ષક અંત્યોખની મંડળીએ કેવી રીતે મિશનેરીઓ મોકલ્યા તે વાર્તા કહે. તેઓએપાઉલ અને બાર્નાબાસને બીજા સ્થળોએ સુવાર્તા પ્રચાર માટે મોકલ્યા.

આ પ્રશ્નો **પૂછો.** જવાબો સાથે આપેલા છે.

- દેવે જ્યારે પાઉલ અને બાર્નાબાસને અલગ પાડવા કહ્યું ત્યારે વિશ્વાસીઓ શું કરતા હતા ? (૨)
- મિશનેરી ટીમ તરીકે પાઉલ અને બાર્નાબાસને મોકલ્યા પહેલા વિશ્વાસીઓ શું કરતા હતા ?(૩)
- જે જાદુગર લોકોને ખ્રિસ્તની વાતથી દૂર રાખવા માંગતો હતો તેને દેવે કેવી રીતે અટકાવ્યો ?(૧૧)
- લોકોને પાપની માફી કેવી રીતે મળી શકે ?(૩૮)
- ક્યા સમાજના લોકોએ સુવાર્તાનો નકાર કર્યો ?(૪૫-૪૬)
- નગરમાંથી કાઢી મૂકવામાં આવ્યા પછી પાઉલ અને બાર્નાબાસે શું કર્યું /(૫૧)

આ વાર્તાનું નાટક બનાવો.

- ભજનસેવાના મુખ્ય આગેવાન પાસે બાળકો આ નાટક રજુ કરે તેની મંજુરી લો.
- બાળકો સાથે આ નાટકની તૈયારીમાં તમારો સમય ગાળો.
- તમારે બધા ભાગો ભજવવા જરૂરી નથી.
- મોટા બાળકો નાના બાળકોની મદદ કરે.
- મોટા બાળકો કે સભાજન પાઉલ અથવા વર્ણન કરનારના પાત્રો ભજવે.
- નાના બાળકો-

**બાર્નાબાસ**

**હાકેમ**

**જાદુગર**

**ખ્રિસ્તીઓ**

**યહુદીઓ**

**બિનયહુદીઓ** ના પાત્રો ભજવે

## ભાગ-૧ પ્રે.૧૩:૧-૩

**વર્ણન કરનાર** : વાર્તાનો પ્રથમ ભાગ કલમ ૧-૩ મુજબ કહે પછી બોલે, સાંભળો, ખ્રિસ્તીઓ શું કહે છે.

**ખ્રિસ્તીઓ** : ''સાથે મળીને ઉપવાસ અને પ્રાર્થના કરવી સારી છે.''
''પવિત્ર આત્મા આપણને મિશનેરીઓ મોકલવા માટે કહે છે ''
''દેવ આપણને પાઉલ અને બાર્નાબાસને મોકલવાનું કહે છે.''

**બાર્નાબાસ** : હા, અમે સુવાર્તા નવી જગ્યાઓમાં લઈ જઈશું.

**ખ્રિસ્તીઓ** : ''ઘુંટણે પડે.''
''અમે તમારા ઉપર હાથ મુકીશું અને તમારે માટે પ્રાર્થના કરીશું.''
''આ તમને દેવ જ્યાં મોકલે ત્યાં મોકલવા માટે છે.''

**પાઉલ અને બાર્નાબાસ :** ઘુંટણે પડે.

**ખ્રિસ્તીઓ** : પાઉલ અને બાર્નાબાસ ઉપર હાથ મૂકે અને પ્રાર્થના કરે.

**પાઉલ અને બાર્નાબાસ :** પછી ચાલતા એક તરફ જાય.

## ભાગ-૨ પ્રે.૧૩:૪-૧૨

**વર્ણન કરનાર** : વાર્તાનો બીજો ભાગ કલમ ૪-૧૨ અનુસાર કહે. પછી બોલે, સાંભળો, રોમન હાકેમ શું કહે છે.

**હાકેમ** : જાઓ, પાઉલને બોલાવો. મારે ઈસુ વિષે સાંભળવું છે.

**જાદુગર** : ના નામદાર , પાઉલને ના બોલાવશો તમારે તેના જૂઠા સંદેશા સાંભળવાની જરૂર નથી.

**પાઉલ** : એરે જાદુગર! તું આ માણસને છેતરવાની કોશિષ કરે છે. દેવ તને આંધળો બનાવશે.

**જાદુગર** : આંધળો બનીને આમતેમ રસ્તો શોધે. પોતાની આંખો બંધ રાખે. અને બોલે,'મને દેખાતું નથી. મારો હાથ પકડો.'

**હાકેમ** : પાઉલ, તારો દેવ આ જાદુગરના દેવો કરતા મોટો છે. મારે તારા દેવ વિષે વધારે સાંભળવું છે.

## ભાગ -૩ પ્રેકૃ. ૧૩ :૧૩-૧૬ અને ૩૨-૫૨

**વર્ણન કરનાર** : કલમ ૧૩-૧૬ અને ૩૨-૫૨ પછી બોલે 'સાંભળો પાઉલ શું કહે છે'

**પાઉલ** : 'સુવાર્તા સાંભળો, દેવે ઈસુને મૂએલામાંથી ઉઠાડયો તે તમારા પાપ માફ કરશે.

**યહુદીઓ** : આ ઘેલા માણસનું સાંભળશો નહિ.

**બાર્નાબાસ** : (યહુદીઓને) 'અમારે પ્રથમ તમને કહેવાનું હતું પણ તમે ઈસુનો નકાર કરો છો. માટે હવે અમે બિનયહુદીઓ તરફ ફરીએ છીએ.

**બિનયહુદીઓ** : દેવે તમને અમારી પાસે મોકલ્યા માટે અમે ખૂબ જ આભારી છીએ. અમને ઈસુ વિષે વધારે કહો. અમે તેમના પર વિશ્વાસ કરીએ છીએ.

**યહુદીઓ** : આપણે આ માણસોને નગરમાંથી બહાર કાઢી મૂકવા જોઈએ. તેઓ પાઉલ અને બાર્નાબાસને ધક્કા મારે છે. તેઓ પોતાના પગની ધૂળ ખંખેરીને ત્યાંથી ચાલ્યા જોય છે.

**વર્ણન કરનાર અથવા મોટો બાળક :** નાટકમાં મદદ કરનાર સર્વનો આભાર માને અને સાભાજનોનો સાંભળવા માટે આભાર માને.



પગોનું **ચિત્ર દોરો.** બાળકોને તેની કોપી કરવા દો તેઓ બીજી ભજન સેવા વખતે આ ચિત્રો દેખાડ અને સમજાવે કે પ્રભુ ચાહે છે કે આપણે નવા સ્થળોએ જઈએ અને જે લોકોને તેણે સુવાર્તા સાંભળવા માટે તૈયાર કર્યા છે તેમને ઈસુ વિષે જણાવીએ. મોટા છોકરા નાનાઓની સહાય કરે.

પાઉલ અને બાર્નાબાસની વાર્તા વિષેના પ્રશ્નો **પૂછો.**

- જેઓ સુવાર્તા લઈને નવા સ્થળોએ ગયેલા છે તેવા બીજા ઉદાહરણો બાળકોને આપવાનું કહોય બાળકો દાખલા આપે.
- જો બાળકો આ નાટક મોટાઓ સમક્ષ કરે તો તેમને તે જ પ્રશ્નો પૂછવા દો.
- પાન.૧ ઉપરના પ્રશ્નો બાળકો મોટાઓને પૂછે.

યહો.૧ : ૯ **મુખપાઠ કરો.**

ચાર બાળકો સુવાર્તા દૂરના સ્થળોએ લઈ જવા બાબતનું ગીત કે નાટક બનાવે. આ કામ અઠવાડીયા દરમ્યાન કરવું.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, તેઓ તમને ઓલખતા નથી તેવા લોકો પાસે તમે પાઉલ અને બાર્નાબાસની જેમ ઘણાંને મોકલવા ચાહો છો તમે અમને બોલાવો ત્યારે અમે તમારો અવાજ સાંભળી એવું થવા દો. તમારા આત્માથી અમને ભરો જેથી કરીને અમે પાઉલ અને બાર્નાબાસ જેવી હિંમતથી તમારી સુવાર્તા વિષે બોલી શકીએ.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.